| કુલ ગુણ | 100 |
|---|---|

# PAPER - 1

## ગુ.શિ.સેવા(વ.શા.)વર્ગ-૨ માંથી ગુ.શિ.સેવા (વ.શા)વર્ગ-૧માં બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષા-ઓક્ટોબર-૨૦૨૪

| કેટેગરી |
|---|
| **A** |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**PAPER-1**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું(Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૮૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઈજ

(1) કોઈ એક જિલ્લા શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ તા. 01-01-2024 થી તા. 30-04-2024 સુધી સ્કૂલ બોર્ડની રજા વગર કેનેડાના પ્રવાસે જાય છે. બોર્ડ શું પગલાં લેશે ?

(A) પાછા આવે ત્યારે રજા મંજૂર કરશે.
(B) તે સમય દરમિયાન ઈન્ચાર્જ ઉપાધ્યક્ષ નીમશે.
(C) ઉપાધ્યક્ષના હોદ્દાપર રહેતા બંધ થશે.
(D) તે સમય દરમિયાન યોજાયેલ બેઠકનું ભથ્થું સ્થગિત કરશે.

(2) પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 અનુસાર જિલ્લા સ્કૂલ બોર્ડને શિક્ષકો નિમવાની સત્તા કઈ કલમથી મળે છે ?

(A) કલમ 20 (2) (ક)
(B) કલમ 21 (1)
(C) કલમ 20 (1)
(D) કલમ 20 (3)

(3) પ્રાથમિક શિક્ષણ નિયામક પોતાની કચેરીના નાયબ નિયામકને જિલ્લા સ્કૂલ બોર્ડ સંચાલિત પ્રાથમિક શાળાની તપાસ માટે મોકલે છે. તે અધિકારીને પ્રાથમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમ હેઠળ તે મિલકતમાં પ્રવેશવાને અધિકાર મળે છે ?

(A) 51 (1)
(B) 52 (1)
(C) 49 (2)
(D) 46 (ક)

(4) સરકારી કોલેજમાં Ph.D. ડીગ્રી ધરાવતા આસીસ્ટન્ટ પ્રોફેસર (Level 10) ને CAS હેઠળ સીનિયર સ્કેલ (Level 11) કેટલા વર્ષે મળવાપાત્ર થાય છે ?

(A) 4 વર્ષ
(B) 5 વર્ષ
(C) 6 વર્ષ
(D) 9 વર્ષ

(5) સ્કૂલ બોર્ડ દ્વારા કરેલ ઠરાવ અધિનિયમની જોગવાઈ સાથે સુસંગત ન હોય તો તે ઠરાવનો અમલ મોકૂફ રાખવાનો આદેશ કરવાની સત્તા કોને છે ?

(A) પ્રાથમિક શિક્ષણ નિયામક
(B) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(C) જિલ્લા વિકાસ અધિકારી
(D) જિલ્લા શિક્ષણાધિકારી

(6) કોઈ એક જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન દ્વારા સમિતિના તમામ સભ્યોને સરકારી ગ્રાન્ટમાંથી પાવાગઢના પ્રવાસે લઈ જવા સમિતિમાં દરખાસ્ત મૂકે છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તેના પર પોતાનું કોઈ મંતવ્ય આપતા નથી. તેઓ પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના કયા નિયમનો ભંગ કરે છે ?

(A) 28 (1)
(B) 17
(C) 19
(D) 20

(7) જિલ્લા શિક્ષણ સમિતિના બીટ નિરીક્ષકને પોતાની બીટની ફેરણી દરમિયાન એક શિક્ષકની વર્તણૂંક શિક્ષકને ન છાજે તેવી લાગે છે. તેવા શિક્ષકની બદલી માટે કયા નિયમ હેઠળ ભલામણ કરી શકે ?

(A) નિયમ 60
(B) નિયમ 66 (ગ)
(C) નિયમ 61 (ક) (ગ)
(D) નિયમ 69 (ચ)

(8) પ્રાથમિક શિક્ષણ નિયમો-1949 અનુસાર કોઈ શિક્ષક પોતાને થયેલ શિક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારીને અપીલ કરે તો અપીલની સુનાવણીના કેટલા દિવસ પહેલાં તે શિક્ષકને લેખિત જાણ કરવી જોઈએ ?

(A) 10 દિવસ
(B) 07 દિવસ
(C) 15 દિવસ
(D) 30 દિવસ

(9) પ્રાથમિક શિક્ષણ નિયમો અનુસાર માન્યતા પ્રાપ્ત ખાનગી શાળા તેના શિક્ષકોને સરકાર દ્વારા ઠરાવેલા પગાર ધોરણ મુજબ પગાર આપતા નથી. કયા નિયમ હેઠળ આ શાળાની માન્યતા પરત ખેંચી શકાય ?

(A) 107
(B) 108
(C) 109 (2) (ઠ)
(D) 109 (2) (ચ)

(10) એકમ કસોટીમાં નબળી અધ્યયન નિષ્પત્તિ ધરાવતા બાળકોને વધારાનું શિક્ષણ આપવાની શિક્ષક ના પાડે છે. તે આર.ટી.ઈ. એક્ટની કઈ જોગવાઈનો ભંગ કરે છે?

(A) કલમ - 24 (a) (B) કલમ - 24 (e) (C) કલમ - 24 (d) (D) કલમ - 24 (c)

(11) "શિક્ષણ લેવા હાજર રહેવું" આ જોગવાઈ આર.ટી.ઈ. એક્ટની કઈ કલમ હેઠળ કરવામાં આવેલ છે?

(A) કલમ - 32 (B) કલમ - 17 (3) (2) (C) કલમ - 18 (1) (D) કલમ - 2 (5)

(12) યુનિવર્સિટીમાં આસીસ્ટન્ટ પ્રોફેસરના ઇન્ટરવ્યૂમાં રાજ્ય સરકાર દ્વારા એવોર્ડ પ્રાપ્ત કરનાર ઉમેદવારને કેટલા ગુણ આપવામાં આવે છે?

(A) 10 ગુણ (B) 7 ગુણ (C) 5 ગુણ (D) 2 ગુણ

(13) સ્કૂલ બોર્ડના સભ્ય થવા માટે કેટલી વય મર્યાદા નિર્ધારિત કરવામાં આવેલ છે? (પ્રાથમિક શિક્ષણ સંદર્ભમાં)

(A) 21 (B) 25 (C) 30 (D) 27

(14) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947ની જોગવાઈ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને હોદ્દા ઉપરથી દૂર કરવા કેટલા અઠવાડિયાની નોટિસ આપવી જોઈએ?

(A) ત્રણ (B) એક (C) બે (D) પાંચ દિવસ

(15) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ - 1947 ની જોગવાઈ મુજબ અભ્યાસક્રમ સ્થાનિક જરૂરિયાતોને સાનુકૂલ થાય તેવો બનાવવા ફેરફારોની ભલામણ કયા સત્તાધીશને કરવામાં આવે છે?

(A) નિયામક, GCERT (B) સ્કૂલ બોર્ડ, ચેરમેન

(C) નિયામક, પ્રાથમિક શિક્ષણ (D) શિક્ષણ વિભાગ

(16) પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના નિયમ 70 થી દર્શાવેલ પ્રાથમિક શાળાના શિક્ષકોની ફરજો...

(A) માત્ર સરકારી પ્રાથમિક શાળાઓને લાગુ પડે.

(B) માત્ર સરકારી અને અનુદાનિત શાળાઓને લાગુ પડે.

(C) સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓને લાગુ પડે.

(D) લઘુમતી ટ્રસ્ટ સંચાલિત ખાનગી શાળાઓને લાગુ ન પડે.

(17) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 પ્રમાણે... દરેક માન્ય શાળામાં કયા ધોરણ પછીના વિદ્યાર્થીઓને તે વિસ્તારની ભાષા પણ શીખવવામાં આવે છે?

(A) ચોથા ધોરણ (B) પાંચમાં ધોરણ (C) ત્રીજા ધોરણ (D) છઠ્ઠો ધોરણ

(18) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949ની જોગવાઈ આધીન વિદ્યાર્થીઓની જન્મ તારીખ, નામો અને જ્ઞાતિમાં ફેરફાર કરવાની મંજુરી આપવાની સત્તા કોના હસ્તક છે?

(A) કારોબારી, જિલ્લા પંચાયત (B) સ્કૂલ બોર્ડ

(C) સભ્ય સચિવ, સ્કૂલ બોર્ડ (D) અધ્યક્ષ, સ્કૂલ બોર્ડ

(19) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ની જોગવાઈ આધીન નિયમિત વિદ્યાર્થીઓના કિસ્સામાં તેઓના માતા-પિતાનો સંપર્ક કોના દ્વારા કરવાનું રહે છે?

(A) મુખ્ય શિક્ષક (B) શિક્ષક

(C) બીટ કેળવણી નિરીક્ષક (D) સુપરવાઈઝર

(20) રજિસ્ટર થયેલ માધ્યમિક શાળા માટે કેટલી વિદ્યાર્થી સંખ્યા હોય તો જુ. કારકુન અને સિનિ. કારકુન એક-એક મળવાપાત્ર થાય છે ?

(A) 100 (B) 200 (C) 300 (D) 400

(21) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો - 1949 ની જોગવાઈ આધીન વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યામાં કેટલા ટકા કરતા વધુ ઘટાડો થાય તો અયોગ્ય હરિફાઈ કહી શકાય ?

(A) 15 % (B) 25 % (C) 20 % (D) 23 %

(22) આર.ટી. એક્ટ-2009 અનુસાર 'રાજય બાળ સંરક્ષણ અધિકાર આયોગ' કયા કાયદા હેઠળ રચાયેલુ હોવુ જોઈએ ?

(A) આર.ટી.ઈ. એક્ટ-2009
(B) કમિશન ફોર પ્રોટેક્શન ચાઈલ્ડ રાઈટ - 2005
(C) જુવેનાઇલ જસ્ટીસ એક્ટ
(D) પોસ્કો એક્ટ

(23) ધોરણ - 6 થી 8 માં ઓછામાં ઓછી કેટલી વિદ્યાર્થી સંખ્યા હોય તો અંશકાલીન ચિત્ર શિક્ષક આપવાનો થાય ?

(A) 150 (B) 200 (C) 100 (D) 75

(24) એક ખાનગી શાળા વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા લેવાતી ઓનલાઈન હાજરી ભરવાની ના પાડે છે. તે આર.ટી.ઈ. નિયમો-2012 ના કયા નિયમનો ભંગ કરે છે ?

(A) નિયમ - 12
(B) નિયમ - 13 (જ)
(C) નિયમ - 13 (ખ)
(D) નિયમ - 13 (2)

(25) ફિ નિયમન સમિતિના અધ્યક્ષ કેટલા સમયની ટૂંકી મુદતથી સમિતિની બેઠક બોલાવી શકે ?

(A) 24 કલાક
(B) 72 કલાક
(C) 48 કલાક
(D) 12 કલાક

(26) આર.ટી.ઈ. નિયમો-2012 મુજબ વિદ્યાસહાયકનું ફરિયાદ નિવારણ માટેનું પ્રથમ સ્તર કયું છે ?

(A) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
(B) શાળાના આચાર્ય
(C) શાળા વ્યવસ્થાપન સમિતિ
(D) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

(27) જે રાજ્યોમાં શિક્ષણ પ્રશિક્ષણ અભ્યાસક્રમ માટે પૂરતી સગવડ ના હોય અને જ્યાં યોગ્ય ઉમ્મેદવાર ના મળતા હોય ત્યાં કેન્દ્ર સરકાર નિયમોની જોગવાઈમાં દર્શાવેલ લાયકાતમાં છુટછાટ આપી શકે છે, આ છૂટછાટ કેટલા વર્ષો સુધી આપવાની RTE Act 2009 માં જોગવાઈ છે ?

(A) 3 વર્ષ (B) 5 વર્ષ (C) 2 વર્ષ (D) 4 વર્ષ

(28) તાલીમની જરૂરીયાત હોય એવા બાળકોને ઓળખીને તેઓને ઓછામાં ઓછા કેટલા સમય માટે ખાસ તાલીમ આપવામાં આવે છે ? (આર.ટી.ઇ. રૂલ્સ 2012 ના સંદર્ભમાં)

(A) ચાર માસ (B) બે માસ (C) ત્રણ માસ (D) છ માસ

(29) શાળા માન્યતાના સંદર્ભમાં અધિકારીઓની બનેલી સમિતિ દ્વારા "સ્વએકરાર" નમુના મળ્યાથી કેટલા મહિનાની અંદર શાળાઓનું સ્થળ નિરીક્ષણ કરવું જોઈએ ? (આર.ટી.ઇ. રૂલ્સ - 2012 ના સંદર્ભમાં)

(A) બે-મહિના (B) 15 દિવસ (C) ત્રણ મહિના (D) એક મહિના

(30) જૂના શિક્ષકના સંદર્ભમાં...

(i) જૂના શિક્ષક તરીકે અન્ય શાળામાં નિમણૂંક મળતા તે શિક્ષકની સેવા સળંગ ગણવાપાત્ર રહેશે.

(ii) જૂના શિક્ષક તરીકે હાજર થયા બાદ ઉમેદવાર વાજબી સંજોગોમાં મૂળ શાળામાં પરત જઈ શકશે.

(iii) જૂના શિક્ષક થવા માટે ઉમેદવાર ગુજરાત મૂલ્કી સેવા વર્ગિકરણ અને ભારતી નિયમો 1967 માં ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યૂટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(A) (i), (ii), (iii) સાચા　(B) માત્ર (i) સાચું

(C) માત્ર (iii) ખોટું　(D) (i) અને (iii) સાચું

(31) એક અનુદાનિત કોલેજમાં અધ્યાપક સહાયકની 3 જગ્યા ભરવા માટે કેટલા ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં બોલાવવાની જોગવાઈ છે ?

(A) ઇન્ટરવ્યુની જોગવાઈ નથી.　(B) 6

(C) 9　(D) 10

(32) RTE Act - 2009 સંદર્ભ : મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા કેન્દ્ર સરકારના અનુરોધ પર નાણા કમિશનને કયા આર્ટિકલ હેઠળ રાજ્ય સરકારો દ્વારા તેઓનું નાણાકીય ફંડ શેર આપવા જોગવાઈ કરવા નિર્દેશીત કરે છે ?

(A) 266　(B) 276　(C) 280　(D) 352

(33) બોર્ડ પરીક્ષામાં ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષામાં બેસવાની મંજુરી માટે કેટલી પરીક્ષાઓની સંખ્યા નિર્ધારિત કરવામાં આવે છે ?

(A) 4　(B) 6　(C) 5　(D) 7

(34) એક અનુદાનિત માધ્યમિક શાળાના અંગ્રેજી વિષય ભણાવતા શિક્ષકને પરીક્ષાની કામગીરી બોર્ડ દ્વારા ફાળવવામાં આવી. આ કર્મચારીની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ દ્વારા શિક્ષકના વાજબી કારણો ધ્યાને લીધા સીવાય ખાસ કિસ્સામાં પરીક્ષાની કામગીરીમાં મુક્તિ આપે છે.

(A) બોર્ડ આ રીતે મુક્તિ ન આપી શકે.

(B) વાજબી કારણો ધ્યાને લીધા સિવાય બોર્ડ ખાસ કિસ્સામાં મુક્તિ આપી શકે.

(C) DEO ની ભલામણ હોય તો મુક્તિ આપો આપ મળી કહેવાય.

(D) કોઈ પણ સંજોગોમાં બોર્ડ મુક્તિ આપી શકે નહીં.

(35) સહાયક અનુદાન નિયમ સંગ્રહના કયા પ્રકરણ પ્રમાણે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી પરીક્ષા માટે શાળાના મકાનની સુવિધા આપવા ના પાડી શકાતી નથી ?

(A) પ્રકરણ - 19 મકાન ગ્રાન્ટ　(B) પ્રકરણ - 3 માન્યતા અંગેના નિયમો

(C) પ્રકરણ - 6 પરીક્ષા અને પ્રમોશન　(D) પ્રકરણ - 18 સહાયક ગ્રાન્ટ

(36) એક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી 108 પ્રાથમિક શિક્ષકોને જિલ્લામાં આવેલ પૂરથી થયેલ નુકશાની માટે પૂરગ્રસ્ત વિસ્તારમાં ફૂડ પેકેટ વહેંચવાની ફરજ આપે છે, તો RTE Act 2009 મુજબ આ યોગ્ય છે ?

(A) આ પ્રકારે ફરજ ન સોંપી શકાય.　(B) હા યોગ્ય છે.

(C) તાલુકા બહાર ફરજ ન સોંપાય.　(D) શિક્ષકોની સંમતી હોય તો જ ફરજ આપી શકાય.

(37) એક અનુદાનિત શાળાની હિસાબી કામગીરીમાં અનિયમિતતા ધ્યાને આવતાં નિયામક શાળાઓ દ્વારા આ શાળાને તાકિદ કર્યા સિવાય અનુદાનમાં ઘટાડો કરે છે તો આ પગલું સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહની જોગવાઈઓ પ્રમાણે.....

(A) યોગ્ય છે

(B) યોગ્ય નથી

(C) તાકિત કર્યા સિવાય ગ્રાન્ટ કાપ ન થાય.

(D) જિલ્લા શિક્ષણાધિકારીએ તાકીદ કરવાની કાર્યવાહી કરી હોય તો ફરીથી તાકીદ કરવી જરૂરી નથી.

(38) સહાયક ગ્રાન્ટ નિયમ સંગ્રહ પ્રમાણે અમાન્ય શાળાઓમાંથી આવતા વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના અહેવાલનો નમૂનો કયા પરિશિષ્ટમાં દર્શાવેલ છે ?

(A) પરિશિષ્ટ - 3 (B) પરિશિષ્ટ 5 (1)

(C) પરિશિષ્ટ - 9 (D) આ પ્રકારના નમૂના માટે કોઈ પરિશિષ્ટ નથી.

(39) રજિસ્ટર થયેલ એક માધ્યમિક શાળાના શિક્ષક, શાળાના આચાર્યની પરવાનગી મેળવ્યા વિના ગેરહાજર રહે છે તો તેણે કયા વિનિયમનો ભંગ કર્યો ગણાય ?

(A) વિનિયમ - 28 (1) (B) વિનિયમ - 29 (1) (C) વિનિયમ - 30 (1) (D) વિનિયમ - 31 (1)

(40) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે કમ્પ્યૂટર વિષયના શિક્ષકની લાયકાતોની જોગવાઈ કયા વિનિયમ હેઠળ કરવામાં આવેલ છે ?

(A) વિનિયમ 20 (3) (2) (B) વિનિયમ 20 (5) (2)

(C) વિનિયમ 20 (6) (2) (D) વિનિયમ 20 (8) (2)

(41) એજ્યૂકેશન મેન્યુઅલના 8 માં પ્રકરણમાં કોનો સમાવેશ થયેલ છે.

(A) પાઠ્ય પુસ્તકોની બાબત (B) વ્યવસાયી શિષ્યવૃત્તિઓની બાબત

(C) ખાસ ગ્રાન્ટની બાબત (D) શિષ્યવૃત્તિઓની બાબત

(42) પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ઉમેદવારને શાળા સંચાલક મંડળ નિમણૂંક હુકમ ન આપે અથવા ફરજ પર હાજર ન કરે તો તેની સમે કયા કાયદા મુજબ શિક્ષાત્મક પગલાં લેવામાં આવે છે ?

(A) ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ અધિનિયમ - 1972

(B) ગુજરાત માધ્યમ અને ઉ.મા. શિક્ષણ વિનિયમો - 1974

(C) ગ્રાન્ટ ઇન એઇડ કોડ - 1964

(D) ઉપરોક્ત ત્રણેય

(43) ગ્રાન્ટ ઇન એઇડ કોડ - 1964 ના કયા નિયમ મુજબ વિદ્યાર્થીઓનું આરોગ્ય અને શારીરિક તંદુરસ્તી માટેની જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ - 43 (B) નિયમ - 44 (C) નિયમ - 42 (D) નિયમ - 38

(44) કયા વિષયના શિક્ષકની ભરતી માટે વિનિયમક્રમાંક 20 (3) (2) હેઠળ ભરતી માટેની લાયકાતો નક્કી કરવામાં આવેલ છે.

(A) કોમર્સ શિક્ષક (B) હિન્દી શિક્ષક (C) કમ્પ્યૂટર શિક્ષક (D) વ્યાયામ શિક્ષક

(45) સરકારી માધ્યમિક શાળામાં એક આચાર્ય 5 વર્ષથી નિયમિત નિમણૂક મેળવી આચાર્ય તરીકે ફરજ બજાવે છે. આ આચાર્ય અગાઉ સ્વનિર્ભર માધ્યમિક શાળામાં ૫ વર્ષનો મદદનીશ શિક્ષક તરીકે અનુભવ ધરાવે છે. લાયકાત B.A. B.Ed. HMAT પાસ છે. હવે આ આચાર્યને અનુદાનિત શાળામાં આચાર્યની ભરતીમાં ભાગ લઈ અનુદાનિત માધ્યમિક શાળામાં આચાર્ય થવું છે તો.....

(A) ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં આ આચાર્ય લાયક ઠરશે.

(B) સરકારી શાળાના આચાર્ય વર્ગ-2 હોવાથી ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરવાનું રહેતું નથી.

(C) સરકારી માધ્યમિક શાળાના આચાર્ય અનુદાનિત શાળામાં આચાર્ય ન બની શકે.

(D) ડોક્યુમેન્ટ વેરિફિકેશનમાં આ આચાર્ય અયોગ્ય ઠરશે.

(46) સામયિક તાલીમ અને નિયમિત મૂલ્યાંકન માટેનું તંત્ર પ્રાથમિક શિક્ષણમાં કોણે ઊભુ કરવું જોઈએ ?
(CRCs, BRCs ની કામગીરીનું મૂલ્યાંકન સહિત) (RTE રૂલ્સ મુજબ)

(A) SSA એ (B) GCERT એ (C) VSK એ (D) પ્રાથમિક શિક્ષણ નિયામકે

(47) બોર્ડની પરીક્ષામાં સ્થળ સંચાલક પરીક્ષા કેન્દ્રમાં સામૂહિક ચોરી કરવામાં સામેલ છે. તેમની સામે શું કાર્યવાહી કરી શકાય ?

(A) તાત્કાલિક ફરજ મોકુફ કરી આગળની કાર્યવાહી કરવી.

(B) કોઈ પણ પ્રકારનું મહેનતાણું ચુકવવું નહીં.

(C) સ્વનિર્ભર શાળાના કર્મચારી હોય તો રૂા. 10,000 નો દંડ કરવો.

(D) પરીક્ષાની કામગીરીમાંથી બે વર્ષ માટે બાકાત કરવા.

(48) બોર્ડની પરીક્ષામાં ખંડનિરીક્ષક પ્રશ્નપત્ર બહાર લઈ જવામાં મદદ કરે છે તો તેની સામે શું કાર્યવાહી કરી શકાય ?

(A) પરીક્ષાની કામગીરીમાંથી બાકાત કરવા.

(B) પોલીસ ફરિયાદ કરવી.

(C) માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણમાં નામ પ્રસિદ્ધ કરવું.

(D) તાત્કાલિક બરતરફ કરવા.

(49) પરીક્ષાર્થી બોર્ડના પ્રશ્નપત્રનો ફોટો પાડીને બહાર મોકલે છે તો તેની સામે શું કાર્યવાહી કરવાની જોગવાઈ છે ?

(A) પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરીણામ રદ કરવું અને બે વર્ષ સુધી પરીક્ષામાં બેસવાદેવા નહીં.

(B) પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરીણામ રદ કરી ત્રણ વર્ષ સુધી પરીક્ષામાં બેસવા દેવા નહીં.

(C) પરીક્ષાનું સમગ્ર પરીક્ષાનું પરીણામ રદ કરી ત્રણ વર્ષ સુધી પરીક્ષામાં બેસવા દેવા નહીં તેમજ તેની સામે પોલીસ કેસ કરવો.

(D) પરીક્ષાર્થીનું સમગ્ર પરીક્ષાનું પરીણામ રદ કરી બે વર્ષ સુધી પરીક્ષામાં બેસવા દેવા નહીં તેમજ તેની સામે પોલીસ કેસ કરવો.

(50) સ્વનિર્ભર પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થા કસુરવાર પુરવાર થાય તો તેની સામે શું દંડનીય કાર્યવાહી સક્ષમ અધિકારી કરી શકે છે ?

(A) રૂા. 10,000 થી 25,000 સુધી દંડ

(B) રૂા. 10,000 સુધી દંડ

(C) રૂા. 25,000 સુધી દંડ

(D) રૂા. 1000 થી 25,000 સુધી દંડ

(51) બોર્ડની પરીક્ષાના કેન્દ્રો અને પેટા કેન્દ્રો કોણ નક્કી કરે છે ?

(A) પરીક્ષા સચિવ (B) પરીક્ષા નિયામક

(C) બોર્ડના અધ્યક્ષ (D) પરીક્ષા સમિતિ

(52) સ્વનિર્ભર પૂર્વપ્રાથમિક શાળામાં પ્રવેશ માટેનું Online form મળ્યા બાદ સક્ષમ અધિકારીએ મંજુરી માટે શું પ્રક્રિયા કરવી જોઈએ ?

(A) રૂબરૂ સુનાવણી (B) ફીઝીકલ વેરીફીકેશન

(C) પૂર્તતા કરવા પરત મોકલવું (D) Online દસ્તાવેજના આધારે નિર્ણય

(53) પ્રાથમિક શાળામાં ધોરણ - 5 અથવા ધોરણ - 8 માં વિદ્યાર્થી નાપાસ થાય તો કેટલા સમયમાં આવા વિદ્યાર્થીની પુનઃ પરીક્ષા લેવાની જોગવાઈ કરવામા આવેલ છે ?

(A) એક માસ (B) બે માસ

(C) ત્રણ માસ (D) પુનઃ પરીક્ષાની કોઈ જોગવાઈ નથી.

(54) ફી નિયમન સમિતિ એ ફી નિર્ધારિત કરતી વખતે કઈ બાબત ધ્યાને લેવી જરૂરી નથી ?

(A) શાળા ઊભી કરવામાં આવેલું મૂડીરોકાણ

(B) વિદ્યાર્થીઓનું સંખ્યાબળ

(C) શાળાના વિકાસ, શિક્ષણ અને વિસ્તરણ હેતુ માટે વધારાની વ્યાજબી આવક

(D) શાળાના શિક્ષણની ગુણવત્તા

(55) ફી નિર્ધારણ અધિનિયમ-2017 મુજબ, નિયત થયેલી 'ફી અને ફીનું માળખું' માં નીચે પૈકી કઈ ફી નો શાળા દ્વારા લેવામાં આવતી ફીમાં સમાવેશ થતો નથી ?

(A) પરીક્ષા ફી (B) ટ્યુશન ફી (C) સત્ર ફી (D) કમ્પ્યૂટર ફી

(56) RTE અનુસાર બાળકોને શાળામાં પ્રવેશ ક્યાં સુધી આપી શકાય ?

(A) શૈક્ષણિક વર્ષના આરંભથી એક માસમાં (B) શૈક્ષણિક વર્ષના આંરભથી બે માસમાં

(C) શૈક્ષણિક વર્ષના આરંભથી ત્રણ માસમાં (D) શૈક્ષણિક વર્ષના આરંભથી છ માસમાં

(57) RTE અન્વયે.....

ત્રણ સભ્યોના બનેલા સક્ષમ સત્તાધિકારીએ શાળાનું સ્થળનિરીક્ષણ કર્યા બાદ કેટલા સમયમાં માન્યતા અંગે નિર્ણય કરવો જોઈએ ?

(A) 15 દિવસ (B) 30 દિવસ (C) બે માસ (D) ત્રણ માસ

(58) ફી નિયમન સમિતિના હુકમથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ કોને અપીલ કરી શકે છે ?

(A) નાયબ સચિવ (અપિલ)

(B) સચિવ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ

(C) સમિતિ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(D) ફી સુધારણા (ફેરતપાસ) સમિતિ

(59) RTE મુજબ...
શિક્ષકોને લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરવા જરૂરી શિક્ષણ (તાલીમ)ની સુવિધા પૂરી પાડવાની જવાબદારી કોની છે?

(A) જિલ્લા પંચાયત
(B) રાજ્ય સરકાર
(C) કેન્દ્ર સરકાર
(D) GCERT

(60) બોર્ડના અધિનિયમ/વિનિયમોના અર્થઘટન સંબંધિત પ્રશ્ન ઉપસ્થિત થતાં રેટલા સભ્યો આ અંગે નિર્ણય થવા માંગણી કરી શકે છે ?

(A) 1/3 (B) 1/4 (C) 1/2 (D) 1/3

(61) સલામતીના ધોરણો સબબ પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર પાસેથી અથવા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી મેળવવા શિક્ષણ વિભાગના કયા ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે ?

(A) 7-6-2008
(B) 16-3-2021
(C) 24-5-2021
(D) 1-10-2012

(62) કયા પરિશિષ્ટમાં દર્શાવેલ શિક્ષાઓ કરવા આચાર્ય / મુખ્ય શિક્ષક સક્ષમ સત્તાધીશ રહેશે ? રજીસ્ટર્ડ થયેલ શાળા સંદર્ભમાં (માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક)

(A) 4 (B) 2 (C) 1 (D) 7

(63) 18 વર્ષથી વધુ ઉંમરના ખાનગી ઉમેદવારોને કેટલા માસની ફી ભર્યેથી હાઈસ્કૂલના કોઈ પણ ધોરણના વાર્ષિક પરીક્ષામાં બહારના વિદ્યાર્થી તરીકે બેસવા દેવામાં આવે છે ?

(A) ત્રણ માસ (B) છ માસ (C) એક માસ (D) બે માસ

(64) RTEACT - 2009 અસ્તિત્વમાં આવ્યા પછી કેટલ સમયમાં શિક્ષક-વિદ્યાર્થી રેશયો નિર્ધારિત કરવા રાજ્ય સરકારોને નિર્દેશિત કરેલ છે ?

(A) 6 મહિના (B) 2 મહિના (C) 3 મહિના (D) 12 મહિના

(65) પરીક્ષા સંબધિત ગેરરિતી માટે શિસ્તની કાર્યવાહી સબબ ગ્રાન્ટ ઇન એઇડ કોડ - 1964 ના કયા નિયમ હેઠળ સક્ષમ સત્તાધિકારીને જાણ કરવાની રહે છે ?

(A) 93 (B) 101 (C) 97 (D) 95

(66) ફીનિયમન સમિતિના આદેશ અનુસાર શાળા દ્વારા ફીનિયમન અને ફી પરત કરવાની કાર્યવાહી ન કરવામાં આવે તો જે રકમ હોય તેના ઉપર પ્રતિદિન કેટલા ટકાના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 2 % (B) 1 % (C) 5 % (D) 10 %

(67) ફીનિયમન સમિતિનો તમામ કાર્યાલય પત્રવ્યવહાર કયા સત્તાધીશની સહીથી બહાર પાડવામાં આવે છે ?

(A) કો-ઓર્ડીનેટર
(B) વહીવટી અધિકારી
(C) ચેરમેન
(D) નાયબ સચિવ

(68) ફી નિયમન સમિતિ દ્વારા ફી નિયમિત કરવા પૂર્વ શાળા દ્વારા ફી લેવામાં આવેલ હોય તો વધારની ફી કેટલા દિવસોમાં પરત કરવાની રહે ?

(A) 45 (B) 30 (C) 60 (D) 15

(69) ખાનગી શાળાના શિક્ષકો માટે પ્રોફેશનલ ડેવલપમેન્ટ અર્થે સરકારી અને બિનસરકારી શાળાના શિક્ષકો દ્વારા કયા માધ્યમથી અરસ-પરસ સહયોગ કરવામાં આવશે ?

(A) દીક્ષા લેટફોર્મ (B) પ્રવૃત્તિઆધારિત શિક્ષણકાર્ય
(C) પ્રજ્ઞાઅભિગમ (D) પાયાની કેળવણી

(70) શાળા વ્યવસ્થાપન સમિતિમાં સ્થાનિક શિક્ષણ શાસ્ત્રીઓ કોણ નક્કી કરે છે ? (આર.ટી.ઇ. રૂલ્સ 2012 ના સંદર્ભમાં)

(A) સ્થાનિક સત્તામંડળ (B) બાળકો
(C) માતા-પિતા અથવા વાલીઓ (D) શિક્ષકો

(71) પગારદાર સરકારી કર્મચારી પ્રજાનો સેવક છે તેથી પ્રજા તેની પાસે વિનય, વિવેક, સભ્યતાની અપેક્ષા રાખે છે આ સૂત્ર કયા પુસ્તકમાં છે ?

(A) પ્રાથમિક શિક્ષણ ધારો (B) પ્રાથમિક શિક્ષણ અધિનિયમ
(C) માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક અધિનિયમ (D) એજ્યુકેશન મેન્યુઅલ

(72) એજ્યુકેશન મેન્યુઅલ પ્રમાણે કન્યા શાળામાં કન્યાઓનું પ્રમાણ કેટલું જોઈએ ?

(A) 75 % ઉપરાંત (B) 100 % જોઈએ
(C) 50 % ઉપરાંત (D) 40 % ઉપરાંત

(73) યુનિવર્સિટીમાં એસોશીએટ પ્રોફેસરની પસંદગી સમિતિમાં કોણ હોય છે ?

(A) કુલપતિ (B) ફેકલ્ટીના ડીન (લાગુ પડે ત્યાં)
(C) હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ (HOD) (D) ઉપરોક્ત તમામ

(74) ધોરણ - 12 વિજ્ઞાનપ્રવાહ માટે

(i) માર્ચ માસની જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલ ઉમેદવારો જ પૂરક પરીક્ષા આપી શકશે.
(ii) મુખ્ય વિષયમાં જે તે વિષયમાં ગેરહાજરનું તે વિષયનું પરિણામ પૂરક પરીક્ષામાં મેળવેલ ગુણ મુજબ ગણાશે.
(iii) પૂરક પરીક્ષા જે તે વિષયમાં ગેરહાજર રહેનારનું તે વિષયનું પરિણામ માર્ચ માસની મુખ્ય પરીક્ષામાં તે વિષયના ગુણ મુજબ ગણાશે.

(A) તમામ સાચા (B) માત્ર (i) સાચું
(C) (i) અને (iii) સાચા (D) માત્ર (i) અને (ii) સાચા

(75) ધોરણ - 12 ની પરીક્ષા આપતા વિદ્યાર્થીને બોર્ડનું પેપર લખવા લહિયો મળવાપાત્ર છે. તો લહિયો કેવો હોવો જોઈએ ?

(A) ધોરણ - 11 માં અભ્યાસ કરતો (B) ધોરણ - 11 પાસ ચાલે
(C) ધોરણ - 10 સુધી ભણેલ (D) ઉપરોક્ત ત્રણે ચાલી શકે.

(76) રાજ્ય બહારની યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં જોડાવવા ઇચ્છતા સફળ ઉમેદવારોને સ્થળાંતર પ્રમાણપત્ર બોર્ડના કયા અધિકારી આપશે ?

(A) અધ્યક્ષ (B) સચિવ (C) પરીક્ષા સચિવ (D) DEO

(77) દક્ષિણ ઝોનની ફિ નિયમનકારી સમિતિ નવસારી જિલ્લાની એક સ્વનિર્ભર શાળાની ચકાસણી માટે ડાંગ જિલ્લાના DEO ને અધિકૃત કરે છે.

(A) કરી શકાય
(B) સમિતિના સભ્ય જ કરી શકે
(C) માત્ર સુરતના જ DEO ચકાસણી કરી શકે.
(D) આ સત્તા નવસારી DEO ની છે.

(78) ફિનિર્ધારણ સમિતિને દરખાસ્ત કરવા માટે શાળાએ દરખાસ્ત ફોર્મમાં છેલ્લા ત્રણ વર્ષના પરિણામની વિગત દર્શાવવાની હોય છે જે કઈ છે ?

(A) ધોરણ 8, 9, 10, 12
(B) ધોરણ 10, 12
(C) ધોરણ 9, 10, 11, 12
(D) ધોરણ 9, 10, 12

(79) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફિ નિયમન) અધિનિયમથી મળેલી સત્તાની રૂએ કેટલા જિલ્લાઓને શૈક્ષણિક જિલ્લાઓ નિર્દિષ્ટ કરેલા છે ?

(A) 10 લાખથી ઉપરની વસ્તી ધરાવતા જિલ્લાઓને
(B) 23
(C) 33
(D) 34

(80) રાજ્યની હયાત પૂર્વપ્રાથમિક શિક્ષણ આપતી સંસ્થાઓએ કેટલા સમયમાં નોંધણી કરવાની પોલીસીમાં જોગવાઈ છે ?

(A) 4 માસ
(B) 18 માસ
(C) 6 માસ
(D) 12 માસ

(81) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોના કયા નિયમ અંતર્ગત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શિક્ષકોની નિમણૂક માટે હુકમ આપે છે ?

(A) 63 (ક) (B) 63 (ખ) (C) 63 (ગ) (D) 63 (ઘ)

(82) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો અનુસાર ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષક સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરી શિક્ષા અંગેનો નિર્ણય કરવાની સત્તા કોને પહોંચે છે ?

(A) શાળાના સંચાલકો
(B) તપાસ અધિકારી
(C) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
(D) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી

(83) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમોના કયા નિયમ અનુસાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓની વાર્ષિક પરીક્ષાઓ યોજવા માટે જવાબદાર રહેશે ?

(A) 60 (B) 61 (1) (C) 61 (2) (ક) (D) 61 (2) (કક)

(84) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમાનુસાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ મહિનામાં ઓછામાં ઓછા કેટલા દિવસનો પ્રવાસ જિલ્લામાં કરવો જોઈએ ?

(A) 21
(B) 15
(C) 10
(D) નિયામક નક્કી કરે તેટલા

(85) NCF ની રચનાને RTE - અધિનિયમની કઈ કલમથી રક્ષણ મળે છે ?

(A) 3 (B) 4 (C) 5 (D) 7

(86) રાઇટ ટુ એજ્યુકેશન નિયમ અંતર્ગત ખાનગી પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી શાળા બદલવા માંગે છે. નીચે દર્શાવેલ કઈ જોગવાઈ હાલમાં અમલમાં છે ?

(1) માતા-પિતાનું સ્થળાંતર થયેલ હોય તો શાળા બદલી શકાય છે.

(2) માતા-પિતાના છૂટા છેડાના કિસ્સામાં શાળા બદલી શકાય છે.

(3) માતા-પિતા પૈકી કોઈ એકનું અવસાન થયેલ હોય તો શાળા બદલી શકાય છે.

(A) 1 અને 2
(B) 1 અને 3
(C) 2 અને 3
(D) 1, 2 અને 3

(87) ફી ફેરતપાસ સમિતિના સભ્ય સચિવ તરીકે કોણ કામગીરી કરે છે ?

(A) સરકારના સચિવશ્રી
(B) નાણા વિભાગના નાયબ સચિવશ્રી
(C) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવશ્રી
(D) ઉપર પૈકી કોઈ પણ નહીં

(88) જ્ઞાન સહાયક યોજના અંગે વિચારણા કરવા રચવામાં આવેલી સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) સચિવ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
(B) નિયામક, શાળાઓની કચેરી
(C) નાયબ સચિવ, શિક્ષણ વિભાગ
(D) અધ્યક્ષ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

(89) રાજ્યની વિશિષ્ટ શાળાઓમાં શિક્ષકોની ભરતીના વિષયો અને લાયકાત શિક્ષણ વિભાગના ઠરાવના કયા પરિશિષ્ટથી નક્કી કરવામાં આવેલ છે ?

(A) પરિશિષ્ટ - 3
(B) પરિશિષ્ટ - 6
(C) પરિશિષ્ટ - 7
(D) પરિશિષ્ટ - 8

(90) અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા વર્ગો હોય તો તે વિભાગ માટે વ્યાયામ શિક્ષક મળી શકે ?

(A) 4 કે તેથી વધુ વર્ગો
(B) 8 કે તેથી વધુ વર્ગો
(C) 2 કે તેથી વધુ વર્ગો
(D) 4 કે તેથી વધુ વર્ગોના મળવાપાત્ર શિક્ષકના રેશિયામાં

(91) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિના સભ્ય સચિવ તરીકે હોદ્દાની રૂએ કોણ ફરજ બજાવે છે ?

(A) સચિવ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
(B) નાયબ સચિવ, શિક્ષણ વિભાગ
(C) કમિશનર, શાળાઓ
(D) સંયુક્ત નિયામક, શાળાઓ

(92) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 અંતર્ગત શિક્ષક / શિક્ષણ સહાયકની ભરતી માટેની સુધારેલ લાયકાત સરકારના કયા ઠરાવથી અમલમાં આવેલ છે ?

(A) 1 - 1 - 21 (B) 11 - 1 - 21 (C) 12 - 9 - 24 (D) 11 - 8 - 21

(93) ધોરણ - 12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીએ જૂથ - 4 માંથી કુલ કેટલા વિષયો પસંદ કરવાના હોય છે ?

(A) 4 (B) 3 (C) 2 (D) 1

(94) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા વિનિયમ અનુસાર બોર્ડની પરીક્ષામાં કોઈ ખંડમાં ગેરરીતિના કેટલા કેસ થયા હોય તો સામુહિક ચોરીના કેસો તરીકે ગણવામાં આવે છે ?

(A) 2 (B) 5

(C) 10 (D) ઉપર પૈકી એક પણ નહીં

(95) બિન અનુદાનિત પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓના રજીસ્ટ્રેશન માટેની નવી નીતિ અનુસાર દરેક ડીવીઝન માટે કેટલી નોન રીફંડેબલ પ્રોસેસીંગ ફી ભરવાની હોય છે ?

(A) રૂ. 1,000 (B) રૂ. 5,000 (C) રૂ. 10,000 (D) રૂ. 25,000

(96) ઝોનલ ઓફિસર લખેલી જવાબવહી પાલાકેન્દ્ર પર સમયસર પહોંચતી ન કરે તો કઈ સજાની જોગવાઈ નથી ?

(A) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત કરવા.

(B) કોઈ પણ પ્રકારનું મહેનતાણું ચૂકવવું નહીં.

(C) પોલીસ ફરિયાદ કરવી.

(D) ભવિષ્યની અસર સિવાય એક ઈજાફો અટકાવવો.

(97) બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો-2012 અનવ્યે શૈક્ષણિક સત્તામંડળ તરીકે કોને જાહેર કરવામાં આવેલ છે ?

(A) GIET (B) શિક્ષણ વિભાગ

(C) DIET (D) GCERT

(98) "મૂલ્યાંકન, માત્ર ગોખણપટ્ટીવાળા ભણતર પર નહિ, પરંતુ સમજણ સાથેના ભણતર પર કેન્દ્રિત હોવું જોઈએ" આ બાબતનો ઉલ્લેખ આર.ટી.ઈ. રૂલ્સ-2012 ના કયા નિયમમાં કરવામાં આવેલ છે ?

(A) નિયમ - 9 (B) નિયમ - 13 (C) નિયમ - 15 (D) નિયમ - 17

(99) સરકારી યુનિવર્સિટીમાં આસીસ્ટન્ટ પ્રોફેસરના CAS પ્રમોશન માટેની સ્ક્રીનીંગ-કમ-ઈવેલ્યુએશન કમિટીના ચેરપર્સન કોણ હોય છે ?

(A) ડીન (B) પ્રિન્સીપાલ (C) વાઇસ-ચાન્સેલર (D) ચાન્સેલર

(100) RTE Act-2009 અન્વયે ધોરણ 1 થી 5 ની સરકારી પ્રાથમિક શાળામાં 180 વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તો કેટલા શિક્ષક મળવાપાત્ર થાય છે ?

(A) 6 (B) 5 (C) 4 (D) 3

◆◆◆

## રફ કામ માટેનું પેઈજ

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ OMR શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.